**1. સસ્તનના કોષનો સરેરાશ કોષચક્ર સમયગાળો કેટલો હોય છે ?**

➠ સસ્તનના કોષનો સરેરાશ કોષચક્રગાળો 24 કલાકનો હોય છે.

**2. શું S અવસ્થામાં DNAના સ્વયંજનન વગર સમભાજન થઈ શકે છે ?**

➠ કોષવિભાજન માટે DNAનું સ્વયંજનન જરૂરી છે. તેથી S અવસ્થામાં DNAના સ્વયંજનન વગર સમભાજન થઈ શકે નહિ.

**3. શું કોષવિભાજન વગર DNAનું સ્વયંજનન થઈ શકે છે ?**

➠ DNAનું સ્વયંજનન કોષવિભાજનની તૈયારી માટે થાય છે. જો કોષવિભાજન ન થાય તો DNAનું સ્વયંજનન થતું નથી.

**4. કોષચક્રની $G_0$ (શાંત અવસ્થા) શું છે ?**

➠ પુખ્ત પ્રાણીઓમાં કેટલાક કોષવિભાજન પામતા નથી (હૃદયના કોષો, ચેતાકોષ) અને બીજા અનેક કોષો પણ ક્યારેક જ વિભાજન પામે છે. એવું ત્યારે જ થાય છે જ્યારે કોષ ક્ષતિગ્રસ્ત કે મૃતકોષ બને.

➠ આ કોષો જે ફરીથી વિભાજન પામતાં નથી પણ $G_1$ અવસ્થામાંથી નીકળી નિષ્ક્રિય અવસ્થામાં પહોંચે છે. તેને કોષચક્રની શાંત અવસ્થા ($G_0$) કહે છે.

➠ આ અવસ્થામાં કોષો ચયાપચયની દૃષ્ટિએ સક્રિય હોય છે પણ વિભાજન પામતાં નથી. તેનું વિભાજન સજીવની આવશ્યકતા પ્રમાણે થાય છે.

➠ નોંધ : પ્રાણીઓમાં સમવિભાજન માત્ર દ્વિકીય દૈહિક કોષોમાં થાય છે. વનસ્પતિમાં સમભાજન એકકીય (n) અને દ્વિકીય (2n) બંને પ્રકારના કોષોમાં થાય છે.

**5. સમભાજનને સમસૂત્રીભાજન શા માટે કહે છે ?**

➠ રંગસૂત્રોની સંખ્યા પિતૃકોષમાં અને નિર્માણ પામતાં બાળકોષોમાં સરખી જ રહે છે માટે સમભાજનને સમસૂત્રીભાજન કહે છે.

**6. કોષચક્રની અવસ્થાઓના નામ જણાવો કે જેમાં નીચેની ઘટનાઓ થાય છે :**

**(i) રંગસૂત્રો ત્રાક મધ્યરેખા તરફ ગતિ કરે છે.**

**(ii) સેન્ટ્રોમિયરનું વિભાજન અને રંગસૂત્રિકાનું છૂટા પડવું.**

**(iii) સમજાત રંગસૂત્રોની એકબીજા સાથે જોડી રચાવી.**

**(iv) સમજાત રંગસૂત્રોની વચ્ચે વ્યતિકરણ થવું.**

➠ (i) ભાજનાવસ્થા (ii) ભાજનોત્તરાવસ્થા

(iii) અર્ધીકરણ - Iની ભાજનાવસ્થા (iv) અર્ધીકરણ - Iની પૂર્વાવસ્થા

**7. તમારા શિક્ષક સાથે નીચેના મુદ્દાની ચર્ચા કરો :**

**(i) એકકીય કીટકો અને નિમ્ન વનસ્પતિમાં જ્યાં કોષવિભાજન થાય છે.**

**(ii) ઉચ્ચકક્ષાની વનસ્પતિનાં કેટલાક એકકીય કોષો કે જેમાં કોષવિભાજન થતું નથી.**

➠ (i) નર મધમાખી, ઉધઈ અને કીડી એકકીય સજીવો છે. કારણ કે તેઓ અફલિત અંડકોષમાંથી ઉત્પન્ન થાય છે.

(ii) અંડકમાં જોવા મળતાં ચંબુકોષો અને પ્રતિધ્રુવ કોષોમાં કોષવિભાજન થતું નથી.

**8. કોષરસ વિભાજન અને કોષકેન્દ્ર વિભાજનમાં શું ભેદ હોય છે ?**

➠

| | કોષકેન્દ્ર વિભાજન | | કોષરસ વિભાજન |
|---|---|---|---|
| (1) | તેના ઉપતબક્કાઓ/ભાગ જોવા મળે છે. | (1) | તેના ઉપતબક્કા નથી, સળંગ પ્રક્રિયા છે. |
| (2) | કોષવિભાજન માટે જરૂરી તબક્કો છે. | (2) | નવા બાળકોષો ઉત્પન્ન થવા માટે જરૂરી છે. |
| (3) | સમભાજન/અર્ધીકરણ એમ બે પ્રકાર જોવા મળે છે. | (3) | વનસ્પતિ કોષમાં પરિઘ અને પ્રાણીકોષમાં કેન્દ્રથી વિભાજન શરૂ થાય છે. |
| (4) | સમગ્ર પ્રક્રિયા સળંગ છે. અભ્યાસની સરળતા માટે તબક્કા દર્શાવવામાં આવે છે. | (4) | કોષરસ વિભાજન, સમવિભાજનનો ભાગ નથી પણ કોષવિભાજનને પૂર્ણ બનાવતી ઘટના છે. |

**9. અર્ધીકરણના અંતે નિર્માણ પામતા ચાર બાળકોષો શેમાં સમાન કદનાં અને શેમાં અસમાન (ભિન્ન) કદનાં હોય છે ? ઉદાહરણ શોધો.**

➠ સપુષ્પી વનસ્પતિઓમાં લઘુબીજાણુજનનમાં ચાર બાળકોષો ઉત્પન્ન થાય છે જે સમાન કદનાં હોય છે. જ્યારે મહાબીજાણુ જનનમાં ઉત્પન્ન થતાં ચાર બાળકોષો અસમાન કદનાં હોય છે.

➠ આ જ પ્રમાણે અન્ય સજીવોમાં નર અને માદા જન્યુના નિર્માણમાં પણ જોવા મળે છે. અર્ધીકરણમાં નર જન્યુ સમાન કદના, માદા જન્યુ અસમાન કદના હોય છે.

**10. કોષવિભાજનની પ્રત્યેક અવસ્થાઓ દરમિયાન થતી ઘટનાઓનું વિશ્લેષણ કરો અને ધ્યાન રાખો કે નીચે આપેલા બે પરિમાણો કેવી રીતે બદલાય છે :**

**(i) પ્રત્યેક કોષમાં રંગસૂત્ર સંખ્યા (N)** **(ii) પ્રત્યેક કોષમાં DNAની માત્રા (C)**

➠ (i) રંગસૂત્રોની સંખ્યા સમવિભાજન પ્રકારના કોષવિભાજન પછી બેવડાય છે અને અર્ધીકરણ પ્રકારના કોષવિભાજન પછી અડધી થાય છે.

(ii) S તબક્કામાં DNA ઘટક બેવડાય ($2c \rightarrow 4c$) છે પણ રંગસૂત્રોની સંખ્યા સમાન રહે છે.

**11. સમભાજનની ભાજનાવસ્થા અને અર્ધીકરણની ભાજનાવસ્થા-I માં ભેદ જણાવો.**

➠ સમભાજનની ભાજનોત્તરાવસ્થા દરમિયાન સેન્ટ્રોમિયરનું વિભાજન થાય છે. જ્યારે અર્ધીકરણ - Iની ભાજનોત્તરાવસ્થામાં સેન્ટ્રોમિયર વિભાજિત થતા નથી.

**12. સમભાજન અને અર્ધીકરણમાં જોવા મળતાં મુખ્ય ભેદની સૂચિ બનાવો.**

➠

| સમભાજન | અર્ધીકરણ |
|---|---|
| (1) દૈહિક કોષોમાં જોવા મળે છે. | (1) જન્યુ કોષોમાં જોવા મળે છે. |
| (2) અંતમાં બે બાળકોષો નિર્માણ પામે છે. | (2) અંતમાં ચાર જન્યુકોષો ઉત્પન્ન થાય છે. |
| (3) પિતૃકોષમાં રહેલા રંગસૂત્રોની સંખ્યા અને બાળકોષોમાં રંગસૂત્રોની સંખ્યા સમાન હોય છે. | (3) બાળકોષમાં રંગસૂત્રની સંખ્યા પિતૃકોષ કરતાં અડધી થઈ જાય છે. |
| (4) કોષવિભાજન સરળ પ્રક્રિયામાં પૂર્ણ થાય છે. | (4) પ્રમાણમાં લાંબી અને જટિલ પ્રક્રિયા છે. |

**13. અર્ધીકરણનું મહત્ત્વ શું છે ?**

➠ રંગસૂત્રની સંખ્યા અડધી થઈ જતી હોવા છતાં, અર્ધીકરણ દરમિયાન લિંગી પ્રજનન કરતા સજીવોની દરેક જાતિમાં રંગસૂત્રોની નિશ્ચિત સંખ્યા જે તે જાતિ પ્રમાણે જળવાઈ રહે છે.

➠ અર્ધીકરણ દ્વારા સજીવોની વસતિમાં પેઢી દર પેઢી જનીનિક ભિન્નતામાં વધારો થાય છે.

➠ ઉદ્‌વિકાસની પ્રક્રિયાઓ માટે આવી ભિન્નતાઓ ખૂબ મહત્ત્વની છે.

**14. નીચે આપેલાનું વર્ણન કરો :**

**(a) સાયનેપ્સિસ (b) દ્વિયુગ્મી (c) સ્વસ્તિક ચોકડીઓ**

**તમારો જવાબ સમજાવવા માટે આકૃતિ દોરો.**

➠




(a) અર્ધીકરણના પૂર્વાવસ્થા - Iની ઝાયગોટીનની અવસ્થા દરમિયાન સમજાત રંગસૂત્રો જોડાય છે. આ જોડાણને સાયનેપ્સિસ કહે છે.

(b) ઝાયગોટીનની અવસ્થામાં સમજાત રંગસૂત્રો દ્વારા બનતી રચનાને દ્વિયુગ્મી કહે છે.

(c) ડીપ્લોટીન દરમિયાન જોડમાં આવેલા રંગસૂત્રો X આકારની રચના બનાવે છે તેને સ્વસ્તિક કહે છે.

**15. વનસ્પતિ કોષમાં થતું કોષરસ વિભાજન પ્રાણીકોષમાં થતા કોષરસ વિભાજનથી કઈ રીતે અલગ પડે છે ?**

➠ કોષદીવાલની હાજરીને કારણે કોષરસ વિભાજન વનસ્પતિ કોષમાં, પ્રાણીકોષથી ઘણું જુદું પડે છે.

➠ સંકોચનશીલ વલય ઉત્પન્ન કરવાને બદલે વનસ્પતિ કોષો કોષની મધ્યમાં કોષીય તક્તીનું નિર્માણ કરે છે.

- ગોલ્ગીકાય કોષદીવાલ માટેનું દ્રવ્ય ધરાવતી પુટિકાઓ મુક્ત કરે છે. તે વિષુવવૃત્તીય ધ્રુવ પર કોષીય તક્તીનું નિર્માણ કરે છે.
- વનસ્પતિ કોષોમાં કોષરસવિભાજન કેન્દ્રસ્થ વિસ્તારથી શરૂ થઈ પરિઘ તરફ પૂર્વસ્થિત છ પાર્શ્વ કોષદીવાલ સાથે જોડાઈ જાય છે.

**16. આંતરાવસ્થામાં થતી ઘટનાઓનું વર્ણન કરો.**

**$G_1$**

- $G_1$ તબક્કો તે આંતરાવસ્થાનો પ્રારંભિક તબક્કો છે.
- આ તબક્કો અગાઉના સમવિભાજન (M - phase) અને વર્તમાન DNAના સંશ્લેષણ વચ્ચેનો મધ્યસ્થી ગાળો છે.
- આ અવસ્થા દરમિયાન DNAના સંશ્લેષણ માટે જરૂરી ઉત્સેચકો, RNA અને પ્રોટીનનું સંશ્લેષણ થાય છે.
- DNA નું સંશ્લેષણ થતું નથી.
- $G_1$ અવસ્થામાં કોષ ચયાપચયિક રીતે સક્રિય હોય છે, સતત વૃદ્ધિ કરે છે.

**સંશ્લેષણ તબક્કા**

- આ તબક્કા દરમિયાન DNAનું સંશ્લેષણ તેમજ તેનું સ્વયંજનન થાય છે. તેમજ પ્રત્યેક કોષમાં DNAની માત્રા બમણી થઈ જાય છે.
- જો DNAની શરૂઆતની માત્રા 2C હોય તો તે વધીને 4C થાય છે. છતાં પણ રંગસૂત્રોની સંખ્યામાં કોઈ પણ વધારો થતો નથી.
- જો $G_1$ અવસ્થામાં કોષ દ્વિકીય અથવા 2n રંગસૂત્રો ધરાવતો હોય તો પણ S અવસ્થાના અંતમાં પણ તેની સંખ્યા 2n જ રહે છે.
- હિસ્ટોન પ્રોટીનનું સંશ્લેષણ થાય છે.
- પ્રાણીકોષમાં DNAના સ્વયંજનનની સાથે તારાકેન્દ્રના કોષરસમાં દ્વિગુણન થાય છે.

**$G_2$**

- સમવિભાજનની તૈયારી રૂપે પ્રોટીનનું સંશ્લેષણ થાય છે.
- કોષની વૃદ્ધિ સતત ચાલુ રહે છે.
- આ તબક્કા દરમિયાન DNA સંશ્લેષણ પામતું નથી પણ RNA અને પ્રોટીનનું સંશ્લેષણ ચાલુ રહે છે. સમભાજન માટે સૂક્ષ્મ નલિકાઓનું સર્જન થાય છે.